અપીલ અરજી નં.૨૭૧ તા .૧૬–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અશરફ અબુબકર અન્સારી
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અશરફ અબુબકર અન્સારીની તા. ૨–૮–૧૧ની અરજીથી મોજે ગામ ઉન સીટી સર્વે નં. ૭૯૩/૨/૨ નિલમ રો–હાઉસ કે જે સ.કો.ઓ.હા.સો.લી.રજી નં.–ઘ/૧ ૪૦૮૨ તા. ૮–૩–૯૧ બ્લોક નં. ૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ છે તે બાબતે મુદ્દા નં.(૧) પ્લોટ નં. બી/૨૧,બી/૨૨ ,બી/૨૩,બી/૪૫,બી/ ૪૬,બી/૪૭,બી/૭૪ ,બી/૪૮,બી/૪૯, બી/૫૦,બી/૫૧,બી/૬૦– એ,બી/૬૦–બી,બી/૬૩,બી/ ૬૪,બી/૬૮,બી/૬૯,બી/૭૦, બી/૭૫, બી/૭૬ ,સી–૧થી સી–૨૪ સુધી ઉપરોકત દર્શાવેલ તમામ ખુલ્લા પ્લોટો મ.ન.પા.સુ.સા.ઝોન, ઉધનાના દફતરે કઈ સાલમાં કઈ તારીખે કેટલા વર્ષથી કોના–કોના નામે દાખલ થયેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૧૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૯–૧૧ ની **SMC/FAP/** નં.૨૭૧/૨૦૧૧–૧૨

શ્રી અશરફ અબુબકર અન્સારીની તા. ૨–૮–૧૧ની અરજીથી મોજે ગામ ઉન સીટી સર્વે નં. ૭૯૩/૨/૨ નિલમ રો–હાઉસ કે જે સ.કો.ઓ.હા.સો.લી.રજી નં.–ઘ/૧૪૦૮૨ તા. ૮–૩–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ છે તે બાબતે મુદ્દા નં.(૧) પ્લોટ નં. બી/૨૧, બી/૨૨,બી/૨૩, બી/૪૫, બી/૪૬, બી/૪૭, બી/૭૪ ,બી/૪૮,બી/૪૯,બી/૫૦,બી/ ૫૧,બી/૬૦–એ,બી/ ૬૦–બી,બી/ ૬૩,બી/ ૬૪,બી/ ૬૮,બી/ ૬૯,બી/ ૭૦, બી/૭૫ ,બી/ ૭૬ , સી–૧થી સી–૨૪ સુધી ઉપરોકત દર્શાવેલ તમામ ખુલ્લા પ્લોટો મ.ન.પા.સુ.સા.ઝોન, ઉધનાના દફતરે કઈ સાલમાં કઈ તારીખે કેટલા વર્ષથી કોના–કોના નામે દાખલ થયેલ છે ? વિ. મુદ્દા નં.(૧) થી (૧૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **તથા સાથે બાબત હેઠળની મિલ્કત આકારણી અંગે દફતરી વિગત, થયેલ– ન થયેલ કાર્યવાહી, કાયદાકીય જોગવાઈ સહિત મુદ્દાવાર મોકલવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૮૪૫ તા.૨૯–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને સહકારી મંડળીની વિગત માંગ્યાનું નામ પરથી જણાયેલ છે આપ તેના સભાસદ છો કે કેમ ? તથા સભાસદની હેસીયતથી સોસાયટી કક્ષાએથી કોઈ વિગતો મેળવેલ છે કે કેમ ? જો હોય તો આધાર સહ રજુ કરવા સાથે વધુમાં માહિતીનું વિષય વસ્તુ જોતાં ત્રાહિતને લગતી પ્રથમદર્શી માહિતીના અનુસંધાને તેવી માહિતી જાહેર કરવામાં જાહેર હિતનું પ્રાધાન્ય છે તેવી વિગતો આધારસહ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૯૫૧ તા.૧૩–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીએ પ્રમુખ/ મંત્રી સતગુરૂ કો.ઓ. હા.સોસા. લી. ને કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૬૭૫ તા.૨૩–૮–૧૧ ના રોજ પાઠવેલ પત્રની નકલ, તથા સોસા.ના સભાસદોએ તા.૧૦–૮–૧૧ ના રોજ અરજદારને માહિતી આપવા કરેલ ઈન્કાર અંગેના પત્રની નકલ, સોસા.ના પ્રમુખ મંત્રીએ તા.૩૦–૮–૧૧ ના રોજ કલમ–૧૧ હેઠળ આપેલ પત્ર સંદર્ભે કરેલ ઈન્કાર અંગેના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી માહિતીના ઈન્કાર અંગે આકારણી ખાતાને લગતી માહિતી આપી શકાય તેમ નથી તેવું જણાવતો પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૯૦૪ તા.૩–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી ઉધનાઝોનને માહિતી નહીં પૂરી પાડયાનું જણાવી તા.૫–૧૦–૧૧ ના રોજ પુનઃ કરેલ અપીલની નકલ અત્રે મળેલ છે. પરંતુ અપીલ તબકકે પાઠવેલ પત્રના અનુસંધાને કોઈ પૂરક વિગતો અરજદાર તરફથી મળેલ નથી.

અરજદારની તા.૨–૮–૧૧ ની અરજીથી મોજે ગામ ઉન સીટી સર્વે નં.૭૯૩/૨/૨ નિલમ રો હાઉસ કે જે સ.કો.ઓ.હા.સો. લી. રજી. નં.ઘ/૧૪૦૮૨ તા.૮–૩–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના સરકારી દફતરે નોંધાયેલ તેની વિગતોની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં કોઈ નિર્ણય ન મળતાં અરજદારે તા. ૧૬–૯–૧૧ ના રોજ પ્રથમ અપીલ અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને અત્રેથી બંને પક્ષકારો પાસેથી પૂરક વિગતો માંગતા આરટીઆઈ સેલ/૮૪૫ તા.૨૯–૯–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેમાં અરજદારે પૂરક વિગતોની જગ્યાએ તા.૫–૧૦–૧૧ થી પુનઃ પ્રથમ અપીલ અરજી કરી ૬૦ દિવસ થયા હોવા છતાં માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારની અરજીના મુદ્દા નં.(૧) મોજે ગામ ઉન સીટી સર્વે નં. ૭૯૩/૨/૨ નિલમ રો–હાઉસ કે જે સ.કો.ઓ.હા.સો.લી.રજી. નં.–ઘ/૧૪૦૮૨ તા. ૮–૩–૯૧ બ્લોક નં.૭૩ પૈકીના નામે સરકારી દફતરે નોંધાયેલ છે તે પૈકી પ્લોટ નં. બી/૨૧, બી/૨૨,બી/૨૩, બી/૪૫, બી/૪૬, બી/૪૭, ,બી/૪૮,બી/૪૯,બી/૫૦,બી/ ૫૧,બી/૬૦–એ,

બી/ ૬૦–બી,બી/ ૬૩,બી/ ૬૪,બી/ ૬૮,બી/ ૬૯,બી/ ૭૦, બી/૭૪,બી/૭૫ ,બી/ ૭૬ , સી–૧થી સી–૨૪ સુધી ઉપરોકત દર્શાવેલ તમામ ખુલ્લા પ્લોટો મ.ન.પા.સુ.સા.ઝોન, ઉધનાના દફતરે કઈ સાલમાં કઈ તારીખે કેટલા વર્ષથી કોના–કોના નામે દાખલ થયેલ છે ? મુદ્દા નં.(૨) ઉપરોકત તમામ પ્લોટો (ટોટલ–૪૪) કયા કયા પુરાવાના આધારે મનપાના દફતરે દાખલ થયેલ છે તે તમામ પુરાવાની નકલ સહિતની તમામ માહિતી. મુદ્દા નં.(૩) બી/૨૧, બી/૨૨,બી/૨૩, બી/૪૫, બી/૪૬, બી/૪૭, ,બી/૪૮,બી/૪૯,બી/૫૦,બી/ ૫૧,બી/૬૦–એ,બી/ ૬૦–એ,બી/ ૬૦,બી/ ૬૪,બી/ ૬૯,બી/ ૭૦ આ તમામ પ્લોટોમાં ગ્રાઉન્ડ ફલોરનું જે બાંધકામ થયેલ છે તે બાંધકામના દરેક ખંડની લંબાઈ–કેટલાફુટ છે. પહોળાઈ કેટલા ફુટ છે ઉંચાઈ– કેટલા ફુટ છે. દરેક ખંડનું અલગ અલગ (સ્વતંત્ર) માપ તે ઉપરાંત ગ્રાઉન્ડ ફલોરનું ટોટલ બાંધકામો કેટલા સ્કવેર ફુટમા છે. દરેક મકાનની અલગ અલગ (સ્વતંત્ર) માપ વિશેની માહિતી તેમજ આ બાંધકામો કઈ સાલમાં કઈ તારીખે કેટલા વર્ષથી કયા કયા પુરાવાઓને આધારે કોના કોના નામે મનપાસુ.સા.ઝોન, ઉધના ના દફતરે દાખલ થયેલ છે તેમજ દરેક મકાન માલીકો તરફથી રજૂ કરવામાં આવેલ પુરાવા આર્કી. ના સર્ટીફીકેટ સહિતની તમામ નકલોની કોપી સહીતની માહિતી. નોંધઃ– મ.ન.પા.સુ.એ.રિ. વિભાગ તરફથી આપવામાં આવેલ રીકવીઝેશન ફોર્મમાં જે તમામ માલીકો પાસેથી પુરાવા માંગવામાં આવેલ છે તે આગળ દર્શાવેલ છે તે તમામની નકલો આપવી. સો. તરફથી મળેલ એન.એ.સી. સહિત. મુદ્દા નં(૪) બી/૪૫, બી/૪૬, બી/૪૭, બી/૪૮,બી/૪૯,બી/૫૦ ઉપર દર્શાવેલ તમામ પ્લોટોમાં વર્તમાન સમય ૨૦૧૧ ની સાલમાં જે પ્રથમ માળના બાંધકામો થયેલ છે તે બાંધકામોના અલગ અલગ દરેક ખંડની લંબાઈ–કેટલા ફુટ છે. પહોળાઈ–કેટલા ફુટ છે. ઉંચાઈ–કેટલા ફુટ છે. દરેક મકાનના દરેક ખંડનું અલગ અલગ માપ તે ઉપરાંત પ્રથમ માળનું સંપૂર્ણ બાંધકામ કેટલા સ્કવેર ફુટ છે તે વિશેની તેમજ પ્રથમ માળ જયાંથી શરૂ થયેલ તે ભોંયતળીયાથી લઈ ટેરેસ ઉપર જે કેબીન બનાવવામાં આવેલ છે ત્યાં સુધીની ઉંચાઈના માપ સહિતની દેરક મકાનની અલગ અલગ (સ્વતંત્ર) ચોકકસ માપ સહિતની સાચી માહિતી. તેમજ આ તમામ પ્રથમ માળના બાંધકામો જે પ્રવર્તમાન સમય વર્ષ–૨૦૧૧ માં થયેલ છે તે કઈ તારીખે કયા કયા પુરાવાઓના આધારે કોના કોના નામે મ.ન.પા.સ.સા.ઝોન ઉધનાના દફતરે દાખલ થયેલ છે તથા દરેક મકાન માલિકો તરફથી રજૂ કરવામાં આવેલ આર્કી. ના સર્ટીફીકેટ સહિતની તમામ નકલોની કોપી સહિતની માહિતી. નોંધઃ– મ.ન.સુ.એસેસમેન્ટ અને રીકવરી વિભાગ તરફથી આપવામાં આવેલ રીકવીઝેશન ફોર્મમાં જે તમામ માલિકો પાસેથી નીચે મુજબના જે પુરાવાઓ માંગવામાં આવેલ છે તેની તમામ નકલોની કોપી આપવી. (૧) બાંધકામનો પુરાવો(૨) બાંધકામ પૂર્ણ થયાનું આર્કી. નું પ્રમાણપત્ર (૩) વેરાબીલની રસીદ ( ૪) રજાચિઠ્ઠી (૩) સો. તરફથી આપવામાં આવેલ એન.ઓ.સી. ની નકલ (વર્ષ /૨૦૦૫–૦૬ તેમજ વર્ષ ૨૦૧૧ની) મુદ્દાન નં.(૫) પ્લોટ નં.બી/૬૮, બી/૭૪,બી/૭૫,બી/૭૬, સી/૧, સી/૧૬ (સી/૬ સિવાય) મુદ્દા નં.(૫) ઉપરોકત દર્શાવેલ તમામ પ્લોટોમાં ગ્રાઉન્ડ ફલોર તેમજ પ્રથમ માળનું એકી સાથે બાંધકામ થયેલ છે આ બાંધકામો વિશે દરેક મકાનની અલગ દરેક મકાનના દરેક ખંડની સ્વતંત્ર રીતે ફકત ગ્રાઉન્ડ ફલોરના બાંધકામોના નીચે મુજબના માપો લંબાઈ –કેટલા ફુટ છે. પહોળાઈ– કેટલા ફુટ છે. ઉંચાઈ– કેટલા ફુટ છે. દરેક મકાનોના દરેક ખંડનું અલગ અલગ માપ ગ્રાઉન્ડ ફલોરનું સંપૂર્ણ બાંધકામ કેટલા સ્કવેર ફુટ છે. તેમજ દરેક મકાનના પ્રથમ માળના બાંધકામોની ઉપર દર્શાવ્યા અનુસાર તેજ રીતે માપોની વિગતો. તેમજ ગ્રાઉન્ડ ફલોરથી પ્રથમ માળના ટેરેસ ઉપર બનાવવામાં આવેલ કેબીન સુધીની ઉંચાઈ કેટલા ફુટ છે તે સહિત દરેક મકાનની અલગ અલગ સ્વતંત્ર માપોની માહિતી. આ તમામ બાંધકામો કઈ સાલમાં કઈ તારીખે કેટલા વર્ષથી કયા કયા પુરાવાઓના આધારે કોના કોના નામથી મ.ન.પા.સુ.સા.ઝોન ઉધનાના દફતરે દાખલ થયેલ છે? રજૂ કરવામાં આવેલ તમામ પુરાવાઓની નકલ સહિતની માહિતી. નોંધ :– મ.ન.પા.સુ.ઓ. રિ. વિભાગ તરફથી રીકવીઝેશન ફોર્મ ધ્વારા જે પુરાવાઓ માંગવામાં આવેલ છે જેવા કે (૧) સો.નું.એન.ઓ.સી. (૨) બાંધકામનો પુરાવો (૩) બાંધકામ પૂર્ણ થયાનું આર્કી. નું પ્રમાણપત્ર (૪) વેરાબીલની રસીદ (૫) રજાચિઠ્ઠી વિગેરેની નકલ. (એ) પ્લોટ નં.સી/૨૪ આ ખુલ્લા પ્લોટના મુખત્યાર માલિક કોણ હતા તેણે ખુલ્લા પ્લોટનો છેલ્લો વેરો કયારે કઈ સાલમાં ભરેલ અને કેટલા રૂપિયા વેરો ભરેલ તે વિશેની માહિતી તેમજ પ્લોટની સાઈઝ શુ છે ૨૦×૪૦ યા ૨૮×૪૦ છે? પ્લોટ નં.સી–/૨૪ જેનું રેખા ચિત્ર નીચે દર્શાવેલ છે. (એ) આ બંને કોલમનું બાંધકામ પ્લોટ વિસ્તારમાં છે કે પછી? વિસ્તાર બહાર? (બી) પ્લોટની દક્ષિણ દિશા તરફ બીજા સર્વે નં.તરફ થયેલ બાંધકામ કાયદેસર છે? (સી) ચિત્રમાં બતાવ્યા તેમજ સ્થળ ઉપર આકારણી કરનાર અધિકારીની નજરમાં આ સંપૂર્ણ બાંધકામ સોસા.ના મંજુર પ્લાન મુજબ છે? (ડી) સ.કો.ઓ.હા.સો.લી. ના વિસ્તારની બાઉન્ડ્રી /હદ. આ પ્લોટમાં વર્તમાન સમય ૨૦૧૧ માં ગ્રાઉન્ડ ફલોર પ્રથમ માળ બીજો માળ સુધીનું બાંધકામ મારી નજર સમક્ષ થયેલ છે જેની જાણકારી સા.ઝોનના નાનામાં નાના કર્મચારીથી લઈ ડે.કમિ. મહેશ સીંગ સાહેબ સુધી બધા જ અધિકારીઓને છે. આ પ્લોટમાં ગ્રાઉન્ડ ફલોરમાં થયેલ બાંધકામના દરેક ખંડનું અલગ અલગ માપ. લંબાઈ કેટલા ફુટ છે– પ્લોટની ઉત્તર દિશામાં બનાવવામાં આવેલ કોલમ જે ઉપર રેખાચિત્રમાં દર્શાવેલ છે. ત્યાંથી પ્લોટની દક્ષિણ દિશા તરફ બીજા સર્વે નંબર સુધીનું બાંધકામની લંબાઈનું માપ, પહોળાઈ કેટલા ફુટ છે– પ્લોટની પૂર્વ દિશાથી પશ્ચિમ દિશા સુધી ઉંચાઈ કેટલા ફુટ છે– ગ્રાઉન્ડ ફલોરના ભોંયતળીયાથી પ્રથમ સ્લેબ સુધી ફુટમાં તેમજ ગ્રાઉન્ડ ફલોરનું સંપુર્ણ બાંધકામ કેટલા સ્કવેર ફુટ છે. (બી) તે જ રીતે ઉપર કરેલ લખાણ મુજબ પ્રથમ માળના દરેક ખંડનું બાંધકામનું અલગ અલગ માપ લંબાઈ કેટલા ફુટ છે પહોળાઈ કેટલા ફુટ છે ઉંચાઈ કેટલા ફુટ છે પ્લોટની ઉત્તર દિશાએ બનાવવામાં આવેલ કેન્ટીલેવર પ્રોજેકશનથી પ્લોટની દક્ષિણ દિશાએ બીજા સર્વે નં. માં જે આશરે ૪ થી ૫ ફુટ કન્સ્ટ્રકશન કરેલ છે તે સહિત ચોકકસ માપની સાચી માહિતી તે ઉપરાંત પ્રથમ માળનું સંપૂર્ણ બાંધકામ કેટલા સ્કવેર ફુટ છે. મુદ્દા નં.(૬) તે જ રીતે ઉપર કરેલ લખાણ મુજબ બીજા માળના દરેક ખંડના બાંધકામનું અલગ અલગ માપ તેમજ ગ્રાઉન્ડ ફલોરના ભોંયતળયાથી લઈ બીજા માળ તેમજ ઉપર બનાવવામાં આવેલ કેબીન સુધીની લંબાઈ કેટલા ફુટ છે તે ઉપરાંત જમીનથી લઈ કેબીન સુધી અને આખા મકાનનું સંપૂર્ણ બાંધકામ કેટલા સ્કવેર ફુટ છે તે વિશેની માહિતી તેમજ આ બાંધકામ સાલ –૨૦૧૧ માં કઈ તારીખે કયા કયા પુરાવાઓને આધારે કોના નામે મ.ન.પા.સુ.સા.ઝોન ઉધનાના દફતરે દાખલ થયેલ છે. માપ લેનારના નામોની યાદી સાથે દફતરે દાખલ કરનાર સર્વેયરશ્રીનું નામ શુ છે? સી/૨૪ ના માલિક તરફથી બાંધકામ થયા પછી મ.ન.પા.સુ.એ.રિ. વિભાગ તરફથી આપવામાં આવેલ રીકવીઝેશન ફોર્મમાં માંગવામાં આવેલ પુરાવાઓની વિગત મુજબ માલીક તરફથી રજૂ કરવામાં આવેલ જરૂરી પુરાવા જેવા કે (૧) સો. તરફથી એન.એ.સી (૨)

બાંધકામનો પુરાવો (૩) બાંધકામ પૂર્ણ થયાનું આર્કી. નું પ્રમાણપત્ર (૪) છેલ્લા વેરાબીલની પહોંચ (૫) રજાચિઠ્ઠી (૬) માલીકીનો પુરાવો આ તમામ પુરાવાઓની નકલ. મુદ્દા નં.(૭) ઉપરોકત તમામ પ્લોટો જેમાં બાંધકામો થયેલ છે તે બાંધકામ કાર્ય પ્રગતિ સમયે કેટલા પ્લોટ માલીકો તરફથી રજાચિઠ્ઠીમાં થયેલ ઉલ્લેખ મુજબ નિયત ફોર્મના આધારે યા તો તેના આર્કી. ધ્વારા કઈ કઈ તારીખે અને કેટલીવાર તબકકાવાર કાર્ય પ્રગતિની ચકાસણી કરાવી? મુદ્દ નં.(૮) ઉપરોકત તમામ પ્લોટોમાં બાંધકામ કાર્ય પ્રગતિ વખતે મ.ન.પા.સુ. ના અધિકારી તરફથી કરવામાં આવેલ તબકકાવાર ચકાસણીની વિગતવાર માહિતી અને નિયત અધિકારી તરફથી રજૂ કરવામાં આવેલ અહેવાલ વિશેની માહિતી. મુદ્દા નં.(૯) (એ) કોઈ પણ મિલ્કત /ઈલાખો મુળ માલીકના નામેથી બીજાને વેચાણ કરી દેવામાં આવેલ હોય ત્યારે બીજા માલિકના નામે મિલ્કત/ઈલાખો અને –૧૯૪૯ બીપીએમસી અધિનિયમ અનુસુચિ–ક ના પ્રકરણ–૮ અન્વયેના કરવેરાના નિયમ–૧ ના ઠરાવ મુજબ મ.ન.પા.સુ.એ. એન્ડ. રિ. ખાતાના રૂા.૨૫/– ના નિયત ફોર્મ ભરી નાગરિક સુ. કેન્દ્રમાં જમા કરાવ્યા બાદ જે તે મિલ્કત/ઈલાખો બીજા માલિકના નામે તબદીલ કરવાની સમય મર્યાદા કેટલા વર્ષની હોય છે? (બી) ઉપરોકત ફોર્મમાં જરૂરી પુરાવા જે બિડાણ રૂપે આપવામાં આવે છે તે પુરાવા ના.સુ.કેન્દ્રમાં કલાર્ક ફોર્મમાં રજૂઆત મુજબ બરાબર ચેક કર્યા પછી રીસીવીંગ આપે છે તે ઈલાખો બીજા માલીકના નામે તબદીલ થયા પછી માલીકને તેની જાણ કરવાની જવાબદારી એ.રિ. વિભાગની છે કે પછી માલિકે ખુદ જ તપાસ કરવાની રહેશે? (સી) ઈલાખાના માલીક તરફથી વરો ભરવામાં લેટ થઈ જવાય તો એ.રિ. તરફથી પેનલ્ટી વસુલવામાં આવે છે જયારે એ.રિ. વિભાગના જવાબદાર સર્વેયરો તરફથી જાણી જોઈ મિલ્કતના માલીકને વેરાબીલ મોકલવામાં ન આવે તો મ.ન.પા.સુ. તરફથી શું કાર્યવાહી થઈ શકે ? (ડી) તા. ૨૦–૧–૨૦૧૦ના રોજ સુરત મ.ન.પા.એ એન્ડ.રી.ખાતુ રૂ.૨૫/– ના ફોર્મ સી.નં.–૧૬૯૧૮ મારફત પ્લોટ નં.–૬/સી મારા નામે તબદીલ કરવા માટે તા. ૨૦–૧–૨૦૧૦ માં મ.ન.પા. સુ.સા.ઝોનના સુવિધા કેન્દ્રમાં જમા કરાવેલ ત્યારથી આજદિન સુધી આ વિભાગ ધ્વારા આ પ્લોટ/ઈલાખો મારા નામે તબદીલ થયાની જાણ કરવાની પણ મ.ન.પા.સુ.ના કર્મચારીઓને ફુરસદ નથી. એનું કારણ શું છે ? આજદિન સુધી મને વેરાબીલ નહીં મોકલવાનું કારણ શું છે ? વર્ષ અને ૬ મહિના જેટલો સમય થવા આવ્યો છતાં પણ મને જાણ નહીં કરવાનું કારણ શું છે. વેરાબીલ રસીદ નં.–૧૮૬૧૯૮૩ ધ્વારા ૦૬/૦૧/૨૦૧૦ ના રોજ વ્યાજ રૂ.૨૦૫/– સાથે ટોટલ રૂ.૧૨૧૪/– રૂપિયા ભરેલ છે. આજે આટલા સમય થવા છતાં મને કે મારા પ્લોટ ૬/સી ના નામે મ.ન.પા.સુ. તરફથી વેરાબીલ નહીં મોકલવાનું કારણ શું છે. હવે કદાચ તમે લેઈટ ફી યા વ્યાજ/પેનલ્ટી ભરવાની સાથે મને બીલ મોકલશો તો તે માટે કોણ જવાબદાર છે. મારા નામે તબદીલ કરવા માટેની સમયમર્યાદા કેટલા વર્ષની છે તે વિશેની માહિતી. મુદ્દા નં.(૧૦) મ.ન.પા.સુ.સા.ઝોન ઉધના તરફથી આ સો.ના રહીશોને ૨૦૦૬માં આપવામાં આવેલ ખાસ નોટીસ ૨૦૦૮માં આપવામાં આવેલ મિલ્કતવેરા અંગેની આકારણી માટે દફતરી ઉતારાની માહિતી તથા તેનો અહેવાલ તથા ૨૦૦૭માં આપવામાં આવેલ વેરાબીલ અનુસાર તમામ સો.ના પ્લોટો બાંધકામ થયેલ મકાનો વિગેરેની સંપૂર્ણ માહિતી તમારા કોમ્પ્યુટરમાં ફીટ હોય તે સ્પષ્ટ જોઈ શકાય છે. જેની નોંધ લેશો. તેમજ ઉપરોકત તમામ જે પ્લટોના નંબરો આપવામાં આવેલ છે તે તમામ પ્લોટોના ૨૦૦૬–૦૭માં આપવામાં આવેલ તમામ પેપર્સ જેવા કે (૧) ખાસ નોટીસ(૨) મિલ્કતવેરા અંગેની આકારણી માટે દફતરી ઉતારાની માહિતી તથા તેનો અહેવાલ (૩) તેમજ છેલ્લા ૨૦૧૦ના વેરાબીલની નકલ તમારા કોમ્પ્યુટરમાંથી પ્રિન્ટ આઉટ કરી આપવા માટે મહેરબાની કરશો. મુદ્દા નં.(૧૧) પત્ર ક્રમાંકઃ નં.સા.ઝોન/(આરટીઆઈ)/૯૨ તા. ૨૫–૪–૧૧ ધ્વારા આઈડી નં.૫૩૧(૬૦૦/૧૨૬૨) ના અનુસંધાનમાં આપવામાં આવેલ જવાબ અનુસાર પોઈન્ટ નં. વિ. મુજબ વેરાબીલ મિલ્કત ધારકોને કુરીયર ધ્વારા પહોંચાડી દેવામાં આવે છે જયારે હકીકતમાં વેરાબીલ કઈ રીતે પહોંચાડવામાં આવે છે તે હું જાણું છું છતાં પણ તમારા તરફથી જે કુરીયર ધ્વારા મોકલવામાં આવે છે તે કુરીયરની મની રીસીપ્ટની નકલ આપવા મહેરબાની કરશો. મુદ્દા નં.(૧૨) મ.ન.પા.સુ.ના એ એન્ડ.રી.ફોર્મના માધ્યમથી મકાન માલિક પાસેથી જે પુરાવાઓ મેળવવામાં આવે છે તેમાં સો.નું–એન.ઓ.સી. પણ લેવામાં આવે છે. આ સૌ.નું એન.ઓ.સી. મેળવવાનો હેતુ શું છે ? આ એન.ઓ.સી. મારફત શું જાણકારી મેળવવામાં આવે છે. આ એન.ઓ.સી. મારફત સો.તરફથી શું લખાવી લેવામાં આવે છે. તે એન.ઓ.સી. મેળવવા પાછળનો ધ્યેય શું છે ? મ.ન.પા.સુ. શું માહિતી મેળવવા માંગે છે ? અને સોસાયટી તરફથી કેવું લખાણ મળે છે તેમજ સો.તરફથી એન.ઓ.સી. મારફતે શું લખાણ મળવું જોઈએ મ.ન.પા. જે લખાણ મેળવવા માંગે છે તે લખાણ સો.તરફથી ન મળે તો મ.ન.પા.સુ. તરફથી શું કાર્યવાહી થઈ શકે. મુદ્દા નં.(૧૩) મ.ન.પા.સુ.સા.ઝોન ઉધનાના સર્વેયરો મારફતે સો.પ્લોટો પર બાંધકામ પૂર્ણ થઈ ગયા પછી સંપૂર્ણ બાંધકામનું માપ લઈ આકારણી કરવામાં આવે છે. ત્યારે મંજુર પ્લાનને ધ્યાનમાં લઈ આકારણી કરવામાં આવે છે ? કે પછી મંજુર પ્લાનને ધ્યાનમાં લેવાની જરૂર રહેતી નથી યા તો માનો કે મંજુર પ્લાનને ધ્યાનમાં લેવાની જરૂર રહેતી નથી તો તે પાછળ શું કારણ જવાબદાર છે તે વિશેની માહિતી. આમ અરજદારની અરજીના મુદ્દા નં.(૧) થી (૧૩)ની માહિતી માંગવામાં આવેલ જે અંગે અરજદારે તા. ૧૬–૯–૧૧થી તથા તા. ૫–૧૦–૧૧થી પણ નિયમો અનુસાર કોઈ માહિતી મળેલ નથી તેવું જણાવી પુનઃ અપીલ કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં./૬૭૫ તા. ૨૩–૮–૧૧થી ત્રાહિત વ્યકિત તરીકે પ્રમુખશ્રી સતગુરુ કો.ઓ.હા.સો.લી. નિલમ રો–હાઉસને પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે સદર સોસાયટીના પ્રમુખ અને મંત્રી તરફથી તેમના તા.૩૦–૮–૧૧ના પત્રથી અરજદારે જે વ્યકિતઓની માહિતી માંગેલ છે તે અમારી સોસાયટીના સભાસદો છે અને મોટે ભાગના સોસાયટીના હોદ્દેદાર છે. અરજદારને સદર પ્લોટ કે મિલ્કત સાથે કઈ લાગતુ–વળગતુ નથી તેમજ સદર વ્યકિત સોસાયટીની અધિકૃત વ્યકિત નથી. તેમજ ખોટી ખોટી અરજી કરવાની ટેવવાળો અને કાયદાનો દુરઉપયોગ કરી ખોટી ખોટી માહિતી સુ.મ.ન.પા. પાસે માંગે છે. જેથી સદર વ્યકિતને માહિતી આપવા સામે સખત વાંધો અને વિરોધ છે. સદર સોસાયટીના પ્લોટ હોલ્ડરોની કે અન્ય કોઈ સોસાયટીની માહિતી સંમતિ વગર આપવી નહીં તેવું જણાવેલ છે. વધુમાં સોસાયટીના સભાસદો તરફથી પણ અરજદારની તા.૨–૮–૧૧ની અરજી સામે તા. ૧૦–૮–૧૧થી લાગત પ્લોટ હોલ્ડરો તરફથી સદર વ્યકિતને પ્લોટ મિલ્કતથી કોઈ લાગતુ–વળગતુ નથી. અને આરટીઆઈ કાયદાનો દુરઉપયોગ કરી ખોટી ખોટી માહિતી માંગે છે. તેને માહિતી આપવા સામે સખત વાંધો અને વિરોધ નોંધાવીએ છીએ. સદર વ્યકિતને સોસાયટીના પ્લોટ હોલ્ડરોની માહિતી સંમતિ વગર આપવી નહીં તેવી રજુઆત પણ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી લીધેલ નિર્ણય અંગેની માહિતી અરજદારને પત્ર

નં. સા.ઝોન/ટેક/આરટીઆઈ/આ.નં./૯૦૪ તા. ૩–૧૦–૧૧થી " માહિતી આપવા માટેની તમારી વિનંતીના સંદર્ભમાં નીચેની માહિતી દસ્તાવેજો (આકારણી ખાતાને લાગત) નીચેના કારણોસર આપી શકાય તેમ નથી. ત્રાહિતી પક્ષકારો વતી સોસાયટીના પ્રમુખ/ઉપપ્રમુખ/મંત્રીએ માહિતી આપવાનો ઈન્કાર કરેલ હોય રાઈટ ટુ ઈન્ફરમેશન કલમ–૧૧(૨) હેઠળ આકારણી ખાતાને લાગત માહિતી આપી શકાય તેમ નથી. " તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતીની વિગતો અરજદારને આપવામાં આવેલ છે અને અરજદાર તરફથી ત્રાહિતને લગતી પ્રથમદર્શી માહિતીના અનુસંધાને તેવી માહિતી જાહેર કરવામાં જાહેરહિતનું પ્રાધાન્ય છે તેવી વિગતો અને આધાર પુરાવા રજુ કરવામાં અપીલ તબકકે તક આપવા છતાં સફળ રહેલ નથી. વધુમાં તેઓ સોસાયટીના સભાસદ હોવાની વિગતો પણ રજુ કરેલ નથી આથી જાહેર માહિતી અધિકારીની ત્રાહિત વ્યકિતને લગતી માહિતી પુરતી તેમનો નિર્ણય તેટલા પુરતો ગ્રાહય રાખવામાં આવે છે પરંતુ અરજદાર તરફથી તે સિવાયની જાહેર કરવા યોગ્ય ત્રાહિત વ્યકિત સિવાયની આકારણીને લગતી આકારણી દાખલ તારીખ, તેમના નામો, રીકવીઝેશન ફોર્મ, તેના માપો, વેરાબીલની રસીદ વિગેરે અરજીમાં જણાવેલ વિગતો તેમજ બાંધકામ બાબતે બાંધકામના પુરાવા, રજાચિઠ્ઠી આર્કિટેકનું પ્રમાણપત્ર વિગેરે અરજીમાં જણાવેલ વિગતો લગતી પુરી પાડવામાં આવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૮–૧૧ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ત્રાહિત વ્યકિત સિવાયની નહીં પૂરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ બાબત હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને દિન–૭ માં પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે. તેમજ આકારણીને લગતી ત્રાહિત વ્યકિત બાબતે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય તેટલા પુરતો ગ્રાહય રાખવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી અશરફ અબુબકર અન્સારી